sabarmati RIVERFRONT

# શૂટિંગ માટેના નિયમો/શરતો

1. વ્યક્તિ/સંસ્થા જે સાબરમતી રીવરફ્રન્ટ ની જગ્યાનો વપરાશ શુટિંગ માટે કરવા માંગતા હોય તેમને પુરેપુરી માહિતી સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. અરજદાર ઉપલબ્ધતા અનુસાર જે-તે તારીખ અને પસંદગીની જગ્યા પ્રમાણે અરજી કરી શકશે. આ ઉપરાંત અરજદારે શુટીંગના હેતુ પ્રમાણે અરજી કરવાની રહેશે.
3. શૂટિંગ નો સમય સવારના ૮.૦૦ થી બીજે દિવસના સવારના ૮.૦૦ કલાક સુધીનો રહેશે.
4. ભાડાની રકમ તથા ડીપોઝિટ ભર્યા વગરની અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. બુકિંગ માત્ર રિવરફ્રન્ટની વેબસાઈટ www.sabarmatiriverfront.com દ્વારા કરવાનું રહેશે.
5. શૂટિંગ ના ૧૦ દિવસ અગાઉ સુધી શૂટિંગ ની તારીખ બદલવા માટેની આવેલ અરજી ઉપર માંગેલ શૂટિંગ ની તારીખમા કોઇ બુકિંગ ન હોય તો ભાડાની રકમ ઉપરાંત વધારાના ૫૦% લઇ ટ્રાન્સફર કરી આપવામાં આવશે, જેની મંજૂરી અગાઉથી booking@srfdcl.com પર અરજી કરી મેળવવાની રહેશે.
6. શૂટિંગ માટે જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાએ જરૂરી વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
7. વપરાશ દરમિયાન મિલકતને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. નુકશાનની રકમ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા નક્કી કરવામાં આવશે જે વ્યક્તિ/સંસ્થાએ ભરવાની રહેશે. આ અંગે સા.રી.ફ્ર.ડે.કો.લી. એ કરેલ નિર્ણય આખરી ગણવામાં આવશે
8. જગ્યા વાપરવાની પરવાનગી જરૂરી પુરાવા અને જરૂરી પેમેન્ટ કર્યા બાદ જ મળશે.
9. કોઈપણ પરીસ્થિતિ શૂટિંગ માટે નક્કી કરેલ દિવસોમાં ઘટાડો કરવા દેવામાં આવશે નહીં
10. ભાડાની કુલ રકમ ઉપર લાગૂ પડતો લાગુ પડતા ટેક્સ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થાએ અલગથી ભરવાનો રહેશે.
11. બુકિંગની રકમ અરજદારે માત્ર ઓનલાઈન પેમેન્ટ દ્વારા ભરવાની રહેશે. અરજદાર ઉપલબ્ધ વિકલ્પો દ્વારા પેમેન્ટ કરી શકશે. પેમેન્ટ થયા બાદ જ અરજદારને કન્ફર્મેશન મેઈલ મળશે.
12. વ્યક્તિ/સંસ્થાએ નક્કી કરેલ ભાડાની પૂરીપૂરી રકમ (ટેક્સ સાથે) તથા ભાડનાં ૫૦% ડીપોઝીટ (ટેક્સ સિવાય) તરીકે ભરવાની રહેશે. આ ડીપોઝીટની રકમ કાર્યક્રમના પૂર્ણ થયા બાદ ૩૦દિવસમાં રીફંડ કરી આપવામાં આવશે.
13. જે વ્યક્તિ/સંસ્થા ના નામ પર બુકિંગ થયેલ હશે તે નામે જ ડીપોઝીટની રકમ પરત મેળવી શકશે. જે માટે બુકિંગ થયેલ નામે નો કેન્સલ ચેક આપવાનો રહેશે.
14. સા.રી.ફ્ર.ડે.કો.લી દ્વારા કોઈ પણ કારણોસર શૂટિંગ રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર સા.રી.ફ્ર.ડે.કો.લી. નો રહેશે અને સા.રી.ફ્ર.ડે.કો.લી. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
15. જો કોઈ કારણોસર વ્યક્તિ/સંસ્થા તરફથી બુકિંગ કેન્સલ કરાવવામાં આવશે તો નીચેના ધોરણે રકમ રીફંડ આપવામાં આવશે.
    (અ) શૂટિંગ ના ૧૫ દિવસ અગાઉ બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૭૫% રીફંડ આપવામાં આવશે.
    (બ) શૂટિંગ ના 3 દિવસ અગાઉ અને ૧૫ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૫૦% રીફંડ આપવામાં આવશે.
    (ક) શૂટિંગ ના ૧ દિવસ અગાઉ અને ૩ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૨૫% રીફંડ આપવામાં આવશે.
    (ડ) શૂટિંગ ના દિવસે અરજી આવે તો કોઈ પણ જાતનું રીફંડ આપવામાં આવશે નહી.
    (ઈ) ડીપોઝીટની પૂરેપૂરી રકમ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા રીફંડ કરવામાં આવશે.
16. શૂટિંગ ને લગતી પોલીસ પરમિટ, ફાયબ્રિગેડ, સીકયુરીટી, હેલ્થ, ઈન્સ્યોરન્સ સેફ્ટી ની મંજુરી તથા અત્રે ઉલ્લેખ ન હોય પરંતુ જરૂરી હોય તેવી સરકારી ધારા ધોરણ મુજબની પરવાનગી લેવાની સઘળી જવાબદારી

વ્યક્તિ/સંસ્થાની રહેશે. કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ માટે સા.રી.ફ્.ડે.કો.લી. જવાબદાર રહેશે નહી.

17. ઉપર જણાવેલ જરૂરી પરવાનગીઓ કાર્યક્રમના ૩ દિવસ અગાઉ સા.રી.ફ્.ડે.કો.લી.ની ઓફિસમાં જમા કરાવવાની રહેશે. જો જરૂરી પરવાનગીઓ ૩ દિવસમાં જમા કરવામાં નહિ આવે તો સા.રી.ફ્.ડે.કો.લી. દ્વારા કાર્યક્રમ રદ કરવામાં આવશે અને ભાડાની રકમ જપ્ત કરવામાં આવશે.

18. વ્યક્તિ/સંસ્થાએ જરૂરી પરવાનગીઓની અસલ નકલ આપવાની રહેશે. જો આપેલ નકલ બનાવટી કે ભ્રામક જણાશે તો સા.રી.ફ્.ડે.કો.લી. દ્વારા જે તે વ્યક્તિ/સંસ્થા વિરુદ્ધ કાયદાકીય પગલા લેવામાં આવશે.

19. જો અરજદારને બુકિંગનાં ૨૪ કલાકમાં કન્ફર્મેશન મેઈલ ન આવે તો તેમણે બુકિંગ કન્ફર્મેશન માટે રૂબરૂ માં ઓફિસ માં સંપર્ક કરવાનો રહેશે.

20. વ્યક્તિ/સંસ્થાએ બુકિંગ વખતે ઓળખના પૂરાવા અને સરનામાંની વિગત આપવાની રહેશે.

21. શુટિંગ પૂર્વે તથા પૂર્ણ થયા બાદ સફાઈની સઘળી જવાબદારી કાર્યક્રમનું આયોજન કરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. જગ્યા વપરાશ કર્યા બાદ મૂળ સ્થિતિમાં પરત નહી કરવામાં આવે તો દંડની રકમ તરીકે ડીપોઝીટના ૫૦% સમકક્ષ રકમ કાપી લેવામાં આવશે.

22. ચાલુ શૂટિંગ દરમ્યાન સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધિકારીઓ ઈન્સ્પેક્શન કે અન્ય કામે દાખલ થશે તેને યોગ્ય સહકાર આપવાનો રહેશે.

23. કોઈ પણ સંસ્થાને કે વ્યક્તિને કોઈ પણ શૂટિંગ માટે ડિસ્કાઉન્ટ કે કન્સેશન આપવામાં આવશે નહી.

24. વ્યક્તિ/સંસ્થા બુકિંગ કર્યા બાદ શુટિંગની જગ્યા બદલવા માટે અરજી કરે તો, જગ્યાની ઉપલબ્ધતા મુજબ વિના મુલ્યે આવો ફેરફાર કરી દેવામાં આવશે. આવા ફેરફારની અરજી કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ કરવાની રહેશે. જેની માટે વ્યક્તિ/સંસ્થાએ booking@srfdcl.com પર અરજી કરી મંજૂરી મેળવવાની રહેશે.

25. ભાડાના દર નીચે મુજબ ભરવાના રહેશે.

| Description | Rent | 18% GST | Total Rent | Deposit @ 50% | Total |
|---|---|---|---|---|---|
| Film Shooting (Commercial) | 28,800 | 5,184 | 33,984 | 14,400 | 48,384 |
| Film Shooting (Non-Commercial) | 5,800 | 1,044 | 6,844 | 2,900 | 9,744 |
| Gujarati Film & Serial | 5,800 | 1,044 | 6,844 | 2,900 | 9,744 |